# એક્ઝીબીશન સેન્ટરમાં ફુડ સ્ટોલ સંચાલકો દ્વારા ઉઘાડી લૂંટ

## ત્રણ ગણો ભાવ વસુલાય છે : પીવાના પાણીની પણ વ્યવસ્થા નહી : ફુડકોર્ટમાં શૌચાલયના પાણીનો ઉપયોગ

ગાંધીનગર, તા. ૯

વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત ખુલ્લા મુકાયેલા એક્બીશન સેન્ટર (ગ્લોબલ ટ્રેડ શૉ) ખાતે ૨૦ લાખ મુલાકાતીઓ આવે તેવો સરકારનો અંદાજ છે. તેની સામે આ મુલાકાતીઓને લુંટી લેવા જ ફુડ કોર્ટ એક્ઝીબીશન સેન્ટરમાં મુકાઈ હોય તેમ ફુડકોર્ટ સંચાલકો દ્વારા રીતસરની ઉઘાડી લુંટ ચલાવવામાં આવી રહી છે. તે ઉપરાંત નાસ્તા બાદ પીવાના પાણીની પણ વ્યવસ્થા ન કરી હોવાથી પાણીની બોટલ ખરીદવી પડતી હોવાનું બુમો ઉઠવા પામી છે.

લાખો મુલાકાતીઓ વાઈબ્રન્ટ ગ્લોબલ ટ્રેડ શૉ માં આવનાર છે ત્યારે આવનાર મુલાકાતીઓ ટ્રેડ શૉ માં વિવિધ ડૉમ ફરી થાકીને લોથપોથ થઈ જાય છે. મુલાકાતીઓ આખુ એક્ઝીબીશન જોવે ત્યારે અડધો દિવસ નીકળી જાય અને ભુખના માર્યા ફુડ કોર્ટમાં પ્રવેશ કરે ત્યારે તેના વાઈબ્રન્ટ ભાવ લીસ્ટ જોઈ સ્તબ્ધ થઈ જાય છે. નાસ્તાની તમામ ચિજવસ્તુઓ જે બહારના ભાવ કરતા બે થી ત્રણ ગણો ભાવ વસુલી મુલાકાતીઓ સાથે લુંટ ચલાવાય છે. તો બીજી તરફ નાસ્તા બાદ પાણીની પણ વ્યવસ્થા ન કરી હોવાથી ના છુટકે પાણીની બોટલનો ખર્ચો પણ કરવો પડતો હોવાની રાડ પડી છે તે ઉપરાંત ફુડકોર્ટમાં શૌચાલય નળમાંથી પાણી ભરી તે વાપરવામાં આવતુ હોવાનું પણ જાણવા મળ્યુ છે.



### માઉન્ટ કાર્મેલના વિદ્યાર્થીઓની રાજયપાલશ્રી સાથે શુભેચ્છા મુલાકાત

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની ઉપસ્થિતિમાં રાજભવન ખાતે માઉન્ટ કાર્મેલ સ્કુલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ નાતાલના પર્વની ઉજવણી નિમિત્તે ક્રિમસ કેરોલ્સ તેમજ અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા પૂછેલા પ્રશ્નોના રાજયપાલશ્રીએ રસપ્રદ પ્રત્યુત્તરો આપ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ખંતપૂર્વક અભ્યાસ કરવા અને આપણી ભવ્ય સંસ્કૃતિ પરંપરાની જાણકારી પણ મેળવવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભવિષ્યમાં આગળ વધવા માટે સ્વપ્ના જોવા જોઈએ અને તેમને પરિપૂર્ણ કરવા મકકમ પ્રયાસો કરવા જોઈએ જથી તેઓ રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપી શકે. આ પ્રસંગે શળાના આચાર્ય સિસ્ટર રેણુકા તથા શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતાં.

# જન સેવા સમિતિ દ્વારા દર્દીઓને ટીફીન સહિતની સેવાઓનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના રાધેશ્યામ ખાદી ચેરીટેબલ ટ્રસ્ટ અંતર્ગત જનસેવા સમિતિ દ્વારા સિવીલ હોસ્પિટલના નિરાધાર દર્દીઓને મફત ટીફીન સેવા સહિત વિવિધ જરુરી સામાજિક સેવાઓનો તા. ૫મી જાન્યુઆરી સોમવારથી પ્રારંભ કરાયો હતો. આ સેવા કાર્યોના ઉદઘાટનનો સમારંભ સે-૨૨માં પંચેદવ મંદિર ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં મંદિરના મુખ્ય ટ્રસ્ટી અમિતભાઈ શેઠ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતાં.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી નાયક સાહેબ, રાધેશ્યામ યાદવ, ઈન્દ્રવદનભાઈ આચાર્ય તેમજ ધર્માધ્યક્ષ ભાનુભાઈ વ્યાસ, સુંદરકાંડ કથાકાર કાન્તિભાઈ યોગી, કથાકાર રામદાસજી યોગી અને સેતુજી રાઓલની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય દ્વારા સેવાઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ધાર્મિક સેવા કાર્ય માટ આપવામાં આવેલ દાન આવકવેરા અધિનિયમ ૮૦ જી અન્વયે કરમુકત છે. દાન આપવા માટે દાતાઓએ રાધેશ્યામ યાદવ, ઈન્દ્રવદન આચાર્ય, કાન્તિભાઈ યોગી, રામદાસ યોગી અથવા સેતુજી રાઓલનો સંપર્ક સાધવા જણાવાયું છે.

# રેશનલ સમાજ ગાંધીનગરનો શનિવારે સ્નેહમિલન

ગાંધીનગર તા. ૯

રેશનલ સમાજ ગાંધીનગરના ઉપક્રમે સંસ્થાના સભ્યોના ''સ્નેહમિલન'' કાર્યક્રમ તા.૧૦મી શનિવારે સવારે નવ વાગે નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં.૬૧/૧ 'ઘ' ટાઈપ સેકટર-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે. શ્રી ધીરૂભાઈ મિસ્ત્રી જેઓ ''દસ્તાવેજ ચિત્રો અને તેની સમાજ પર અસર'' એ વિષય ઉપર પોતાનું વકતવ્ય આપશે. શ્રીમતી મહાશ્વેતા જાની જેઓ ''મહિલાઓ પિતૃસાધક સમાજ અને રેશનાલીઝમ'' એ વિષય પર પોતાનું વકતવ્ય આપશે.

# પ્રમાણિક સફાઈકર્મીએ રૂ. ૨૦૦ ભરેલું પર્સ પરત કર્યું

ગાંધીનગર, તા. ૯

પૈસા એવી ચીજ છે જેને જોઈ ભલભલા પૈસાપાત્રની નિયત બદલઈ જાય ત્યારે જરૂરીયાતમંદ એવા ગરીબ વ્યકિત જયારે રસ્તામાંથી કે કોઈ સ્થળેથી મળેલું પાકીટ પરત કરે ત્યારે તેની પ્રામાણિકતાને બિરદાવવાની ઈચ્છા ચોકક્સ થાય જ... ઘરે ઘરે કચરો ઉઘરાવવા આવતા સફાઈ કર્મીએ કચરામાંથી મળેલું પર્સ બીજા દિવસે પરત કરી પ્રામાણિકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડયું છે.

સેકટર-૨માં પ્લોટ નં.૧૨ સી ખાતે ઘરનોકર તરીકે કામ કરતા શનાબેનનું પર્સ ભુલથી કચરાપેટીમાં પડી ગયું હતું. ઘરે ઘરેથી કચરો ઉઘરાવવા આવતી ગાડીમાં તેમનું પર્સ કચરા સાથે ડમ્પીંગ સાઈટ સુધી પહોંચી ગયું હતું. કચરાની ગાડીમાંથી કચરો ઠાલવતી વખતે અચાનક જ ગાડીના સફાઈ કર્મીનું ધ્યાન પર્સ પર ગયું હતું. સફાઈ કર્મીએ પર્સ ખોલીને જોતા તેમાં થોડાક રૂપિયા અને કેટલાક કાગળો હતા. આ કાગળોના આધારે બીજા દિવસે સફાઈ કર્મીએ શનાબેનનો સંપર્ક સાધ્યો હતો. અને પર્સ પરત આપ્યું હતું. એટલું જ નહીં ભૂખ લાગી હોવાથી પર્સમાંથી ૨૦રૂ. વાપર્યા હોવાનું પણ કબુલ્યું હતું.. આને કહેવાય પ્રમાણિકતા...!

# એ.આર.એસ. મીડીયા-ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટે ગાંધીનગરમાં બ્રાન્ચ શરૂ કરી

## યુવા પેઢીને ફિલ્મ પ્રોડક્શન, એકટીંગ, મ્યુઝીક, ફોટોગ્રાફી, સ્ક્રીપ્ટ રાઈટીંગ સહીતના કોર્સીસમાં પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૯

એ.આર.એસ. મીડીયા એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડીયા દ્વારા ગાંધીનગરમાં યુવાનો માટે સ્કીલ ડેવલપમેન્ટના વિવિધ કોર્ષ શરૂ કરવામાં આવશે. સે. ૧માં સંસ્થા દ્વારા નવી બ્રાન્ચ પણ શરૂ કરી દેવામાં આવી છે. ફિલ્મ પ્રોડક્શન, એકટીંગ સિનેમાગ્રાફી મ્યુઝિક અને જર્નાલીઝન સહીતના વિવિધ કોર્સીસના અંતે યુવાપેઢીને જોબ પ્લેસમેન્ટ મળે તેવા પણ પ્રયાસ કરાશે.

એ.આર.એસ. મીડીયા એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટના કાઉન્સલીર રાજકીય અગ્રણી અમરસિંઘ છે. સંસ્થા દ્વારા યુવાપેઢીની આંતરિક શક્તિ નિખારવા ગાંધીનગર ખાતે પણ સે. ૧માં બ્રાન્ચ શરૂ કરવામાં આવી છે. આ અંગે સંસ્થાના એમ.ડી. ચૈત્રપાલ સિંઘે માહિતી આપતા જણાવ્યું હતું કે મુંબઈ અને લખનઉમાં પણ આ કોર્ષીસ માટે બ્રાન્ચ શરૂ કરવામાં આવી છે. જ્યારે ગાંધીનગમરાં પણ યુવકો અને યુવતિઓને ફિલ્મ પ્રોડકશન, ડાયરેકશન, એકટીંગ, પરફોર્મિંગ આર્ટસ, એકટીંગ, એનિમેશન ગ્રાફીક્સ, ફોટોગ્રાફી, સાઉન્ડ રેકોર્ડીંગ, મ્યુઝીક તેમજ બોર્ડકાસ્ટીંગ બેન્ડ જર્નાલિઝમના કોર્સીસમાં કારકિર્દી બનાવવાની તક આપવા સંસ્થા દ્વારા શાળા શરૂ કરવામાં આવી છે. આ માટે www.Svideo.in india/ ars. સાઈટ પરથી ઓનલાઈન વિગતો ઉપરાંત પ્રવેશ સંબંધિત માહિતી પણ ઉપલબ્ધ થશે. તેમ પણ તેમણે જણાવ્યું હતું.

# ઘ-૩ સર્કલે ઈન્ડીકા એકાએક લોક થઈ ગઈને સળગવા લાગી

## સે-૨૨માં રહેતા કાર ચાલક બોનેટમાંથી નીકળતા ધુમાડા જોઈ બહાર નીકળી ગયા : વાઈબ્રન્ટ બંદોબસ્તમાંથી ફાયરબ્રિગેડ દોડી

ગાંધીનગર, તા.૯

શહેરના ઘ-૩ સર્કલ પાસે આજે સમી સાંજે પસાર થતી એક ઈન્ડીકા ગાડી અચાનક લોક થઈ ગઈ અને બોનેટમાંથી ધુમાડા નીકળવા લાગતા કાર ચાલક ફટાફટ ગાડીમાંથી બહાર નીકળી ગયા તેટલામાં ગાડી સળગવા લાગી હતી. વાઈબ્રન્ટ બંદોબસ્તમાં તૈનાત ફાયરબ્રિગેડને ઘટનાની જાણ થતા દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આગ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી.



શહેરના સેકટર-૨૨ બ્લોક નં. ૪૦૨/૨ ખાતે રહેતા મહેન્દ્રભાઈ ગજ્જર આજે સાંજે અમદાવાદ તરફ ઘ માર્ગ પરથી પોતાની ઈન્ડીકા ગાડી નં. જીજે ૧૮ એસી ૪૧૦૪ લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે એકાએક તેમની કારનું સ્ટીયરીંગ લોક થઈ ગયું હતું. કારનાં બોનેટમાંથી એકાએક ધુમાડા નીકળતા જોઈ મહેન્દ્રભાઈ તાત્કાલિક ગાડીની બહાર નીકળી ગયા હતાં. કાર સળગવા લાગતા ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. વાઈબ્રન્ટના બંદોબસ્તમાં તૈનાત ગાંધીનગર ફાયરબ્રિગેડના ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમના ચિનુભાઈ સહીતના માણસો તાબડતોબ ઘટના સ્થળે પહોચી ગયા હતા અને આગને કાબુમાં લઈ લીધી હતી. કાર ચાલકની સમયસુચકતાથી તેમનો જીવ બચી જવા પામ્યો હતો.

# શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની જાન્યુઆરી માસની બેઠક પદાધિકારી જે.જે. ત્રિવેદીના નિવાસસ્થાને સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડિયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં ગત માસની બેઠકની કાર્યવાહી નોંધનું વાંચન સંસ્થાના મહામંત્રી નિરંજન ઓઝાએ કર્યુ હતું.

આ બેઠકની કાર્યવાહીમાં અધ્યક્ષો પ્રશ્નોને અંજામ આપવા વધુ સ્વયંસેવકોએ સ્વેચ્છતાએ સેવા આપવા આગળ આવવા અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં સફાઈના પ્રશ્ને સંબંધિતોનો લેખિત અને રૂબરૂ રજુઆત કરવા છતાં હજુ આયોજન અંગે જાહેરાત નથી કરાઈ, સિનિયર સિટીઝનોને આધારકાર્ડ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે તે અંગે રૂબરૂ રજૂઆત કરવા સંગઠન મંત્રી હસમુખભાઈ ઠાકરે યોગ્ય કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત શાળાઓના ખાનગીકરણનો વિદ્યાર્થીઓ-શિક્ષકોના હિત અંગે પરિષદ દ્વારા સખ્ત વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં નિસર્સ સાયન્સ સેન્ટર તરફથી ઉર્જા સપ્તાહ 'ઉર્જા સંરક્ષણ કાર્યક્રમ' યોજાશે. આ કાર્યક્રમમાં કાર્યકારી પ્રમુખ જ્યોતિન્દ્ર દવે, મહામંત્રી નિરંજન ઓઝા અને ખજાનચી જીવણલાલ પરમારને ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.



### ચિલોડા પંથકમાં ભાજપનું સદસ્યતા અભિયાન યોજાયું

ભારતીય જનતા પાર્ટી દ્વારા સદસ્યતા અભિયાન અંતર્ગત ચિલોડા, ગિયોડ, પંચેશ્વર સર્કલ, લીંબડીયા વગેરે સ્થળે કાર્યક્રમનું આયોજન કરી લોકોને ભાજપમાં જોડવા પ્રેરિત કરાયા હતા. આ અભિયાનમાં કિસાન મોરચાના ઉત્તર ગુજરાત ઝોનના ઈન્ચાર્જ હસમુખભાઈ ઉર્ફે દિલીપ પટેલ ઉપરાંત રમેશભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, સંજયજી ઠાકોર, રમેશભાઈ બી. પટેલ, રમેશભાઈ કે. પટેલ, લાલભાઈ પટેલ વગેરે અગ્રણીઓ જોડાયા હતાં.
(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪
સૂર્યાસ્ત : ૬.૧૨

### તાપમાન

મહત્તમ : ૨૮.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૩૬ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
તેવર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
તેવર : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,
સ્ક્રીન-૩ :
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
પી.કે. : ૧.૦૦, ૭.૦૦

**સિનેમેક્સ**

: સ્ક્રીન-૧ :
તેવર : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
તેવર : ૧૦.૦૦, ૧.૨૦, ૪.૪૦, ૮.૦૦
સ્ક્રીન-૩ :
તેવર : ૧૧.૧૫, ૨.૩૫, ૯.૦૦
બે યાર (ગુજરાતી) : ૫.૫૫
સ્ક્રીન-૪ :
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૨૦, ૪.૧૦, ૧૦.૦૦
પી.કે. : ૧૨.૫૫, ૬.૪૫

**સિટીપલ્સ**

: સ્ક્રીન-૨ :
તેવર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
સિંઘમ રિટર્ન્સ : ૨.૦૦
ટેકન (અંગ્રેજી) : ૧૨.૦૦, ૫.૦૦, ૭.૧૫, ૯.૩૦
સ્ક્રીન-૪ :
તેવર : ૧૦.૦૦
પી.કે. : ૧૨.૪૫
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
તેવર : ૧૧.૦૦
પી.કે. : ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

### આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

### ચિરવિદાય

- સ્વ. જવાનજી કાળાજી ઠાકોર (ઉ.વ.૮૫) મુ. બોરીજ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. તુલસીભાઈ માલાભાઈ વાઘેલા (ઉ.વ.૬૫) પ્લોટ નં.૬૬૯/૧, સેક્ટર-૧૩એ, ગાંધીનગર

# ગાંધીજી સંદર્ભે પૂછાયેલા પ્રશ્નોમાં માત્ર સાત ટકા જ સાચા વિદ્યાર્થીઓ

## ૭ ટકાને ખબર નથી કસ્તુરબા ગાંધીજીની પત્ની હતા : ૪ ટકા લોકોને ગાંધીજીના અભ્યાસ વિશે જ ખબર નથી કે તેઓ કેટલું ભણેલા હતા ?

ગાંધીનગર, તા.૯

જેના નામ પરથી બનેલું ગાંધીનગર છે તે જ ગાંધીનગરમાં વિશ્વ પ્રસિધ્ધ મહાત્મા મંદિરમાં મહાત્મા ગાંધીજીના સ્વદેશ આગમનની શતાબ્દી સમારોહ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી થઈ રહી છે. દેશ વિદેશમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મહાત્મા મંદિર આવી રહ્યા છે અને ધામધૂમપૂર્વક તેની ઉજવણી કરી રહ્યા છે ત્યારે મહાત્મા મંદિરમાં આવતા મુલાકાતી આજ ના જ વિદ્યાર્થી અને યુવાનો ગાંધીજી વિશેની ઘણી બધી બાબતોથી તદ્દન અજાણ છે તેવી સ્થિતિ પેદા થઈ છે.

ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં વાયબ્રન્ટ સમિટ અને પ્રવાસી ભારતીય દિવસના ઓવારણા લેવાઈ રહ્યા છે પરંતુ બીજી બાજુ ગાંધીજી વિશે વિદ્યાર્થીઓ અજાણ હોવાની ચોંકાવનારી હકીકત બહાર આવી છે. ત્યારે ચોકકસ કહી શકાય કે આજનું શિક્ષણ ગાંધીજીના જીવન અને મુલ્યોની વાતો પાઠય પુસ્તકોમાંથી વિદ્યાર્થીઓના માનસપટ પર અંકિત કરી શકયું નથી જે ખરેખર દુઃખની અને ગંભીર બાબત છે.

ગાંધીનગર શહેરમાં વિશ્વ પ્રસિધ્ધ મહાત્મા મંદિરમાં પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ ગ્લોબલ સમિટમાં ભાગ લેવા સેંકડોની સંખ્યામાં દેશ વિદેશના રાજકીય આગેવાનો નેતાઓ અને વેપાર જગતના અગ્રણીઓ સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનો જોડાઈ રહ્યા છે ઉપરાંત પ્રવાસી ભારતીય દિવસ અંગે વિદેશમાં વસતા મૂળ ભારતીઓ જોડાઈ રહ્યા છે.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના પ્રારંભે દેશના વડાપ્રધાન મહાત્મા મંદિર સ્થિત સોલ્ટ માઉન્ટની અંદર બનાવેલ દાંડી કુટીરનું ઉદઘાટન કરી તેને ખુલ્લુ મુકયું હતું આજ કાર્યક્રમ બાદ મુલાકાત અર્થે આવેલા કેટલાક શાળા કોલેજના વિદ્યાર્થીઓને ગાંધીજીના જીવન કવન વિશે વિવિધ પ્રશ્નો પુછવામાં આવતા કેટલીક ચોંકાવનારી હકીકત બહાર આવી હતી આપ કદાચ વાંચશો તો પણ ચોંકી ઉઠશો તે પણ હકિકત છે.

દાંડી કુટિરની મુલાકાત દરમિયાન અંદાજે ૧૦૦ વિદ્યાર્થીઓને ગાંધીજીના જીવન કવન વિશે ૧૦ સામાન્ય પ્રશ્નો પુછવામાં આવ્યા હતા જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓમાંથી માત્ર સાત ટકા એ જ દસે દસ સાચા જવાબ આપ્યા હતા જયારે ૯૩ ટકા વિદ્યાર્થીઓ ખોટા ઠર્યા હતા. જયારે ૭ ટકા વિદ્યાર્થીઓને જ ખબર છે કે કસ્તુરબા ગાંધીજીની પત્ની છે અને ૯૩ ટકા વિદ્યાર્થીઓ અજાણ હતા.

મહાત્મા ગાંધી ભારતના રાષ્ટ્રપિતા છે તેવું ૮૬ ટકા વિદ્યાર્થીઓને ખબર છે જયારે કેટલાક લોકો આજે પણ રાષ્ટ્રપિતાને રાષ્ટ્રપતિ ગણાવે છે.

ગાંધીજી કયારે વિદેશમાંથી પરત આવ્યા હતા તે બાબતે માત્ર ૮ ટકા લોકોને ખબર છે ૯૨ ટકા લોકો સાવ અજાણ છે.

ગાંધીજીએ પોતાના જીવન કાળમાં કઈ કોલેજમાં અભ્યાસ કર્યો છે તે બાબતે માત્ર ૧૧ ટકા લોકો જ જાણે છે. જયારે ગાંધીજીનો જન્મ કયા થયો હતો તે બાબતે મોટા ભાગના વિદ્યાર્થીઓએ પોરબંદરના બદલે અમદાવાદ થયો છે તેવું જણાવ્યું હતું. ગાંધીજીએ કયુ સૂત્ર આપ્યું છે અને તેમની એક પ્રસિધ્ધ પુસ્તક સત્યના પ્રયોગો વિશે પણ માત્ર ૬૦ ટકા વિદ્યાર્થીઓને જ ખબર છે ત્યારે ખરેખર આ ચોંકાવનારા આંકડા સાંભળતા જ કંઈક થઈ જાય તેવી સ્થિતિ છે. છેલ્લે મુલાકાતીઓમાંથી એક પણ મુલાકાતી ગાંધીજીના ચાર દિકરાના સાચા નામ ન આપી શકયું તે શરમજનક વાત છે. જેના નામ પરથી આ નગર અને મહાત્મા મંદિર બન્યું છે તે જ મહાત્માના વિશે સામાન્ય નાગરિક સાવ અજાણ છે.